પ્રેસનોટ

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી સ્પર્ધા

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૦૧/૦૭/૨૦૨૩ના રોજ કતારગામ કોમ્યુનિટી હોલ, સુરત ખાતે આયોજીત મહેંદી સ્પર્ધા બાબત.**

ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા અનેકવિધ પ્રયત્ન કરતી આવી છે. ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતી મહેંદી સ્પર્ધા તા.૦૧/૦૭/૨૦૨૩ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ૧૮ થી ૪૦ વર્ષની વયના સ્પર્ધકોની મહેંદી સ્પર્ધાનું આયોજન કતારગામ કોમ્યુનિટી હોલ, વસ્તાદેવડી રોડ, કતારગામ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પુર્ણિમાબેન દાવલે, જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રમીલાબેન પટેલ તથા અન્ય મહાનુભાવોના વરદ્દહસ્તે દિપ પ્રાગ્ટય કરી સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પુર્ણિમાબેન દાવલેએ આમંત્રિતો તથા સ્પર્ધકોને આવકાર્યા હતા. માન.મેયરશ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ યુવતીઓમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવવા અને સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં નગરજનોને ભાગ લેવા હિમાયત કરી હતી તથા સ્પર્ધકોને પ્રોત્સાહીત કર્યા હતા. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા મહેંદી સ્પર્ધામાં ૭૦૦થી વધુ મહિલાઓએ ઉમંગભેર ભાગ લઇ અવનવી ડિઝાઇનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

| વિજેતા | ખુલ્લો વિભાગ |
|---|---|
| પ્રથમ | પીનલ નવીનચંદ્ર પટેલ |
| દ્વિતીય | અદિતી પંકજભાઇ પ્રજાપતિ |
| તૃતીય | સંગીતાબેન જયેશભાઇ ભટારીયા |
| આશ્વાસન | જાંજમેરા અમિષા |
| | વોરા જીજ્ઞા સી. |
| | પટેલ કશીષ દિપકભાઇ |
| | પટેલ રીયા નિતીનભાઇ |
| | રોશન રઉફ સૈયદ |
| | સાવલીયા હિતાક્ષી અરવિંદભાઇ |
| | સૈયદ સના રફિક |
| | સોલંકે કૃતિકા કમલેશભાઇ |
| | પટેલ સાક્ષી અશોકભાઇ |
| | લાડવા દીયા કિરીટભાઇ |

સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી પૂર્ણિમાબેન દાવલે, જાહેર પરિવહન પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રમીલાબેન પટેલ, ઇ.ચા.ડે.મ્યુનિ.કમિશનરશ્રી ડો. ગાયત્રીબેન જરીવાલા, મ્યુનિ.સભ્યશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના વરદહસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ મહેંદી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

સમાચારયાદી નં. 139 , તા.૦૧/૦૭/૨૦૨૩, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.